# 11મી ભારત-નોર્વે ફોરેન ઓફિસ કન્સલ્ટેશન્સ (FOC)

14 મે, 2024

14મી મે 2024ના રોજ નવી દિલ્હી ખાતે 11મી ભારત-નોર્વે ફોરેન ઓફિસ કન્સલ્ટેશન્સ (FOC) યોજાઇ હતી. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ ભારત સરકારના વિદેશ મંત્રાલયના સચિવ (પશ્ચિમ) શ્રી પવન કપૂરે કર્યું હતું. નોર્વેના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ નોર્વે કિંગડમના વિદેશ મંત્રાલયના સેક્રેટરી જનરલ શ્રી ટોર્ગીર લાર્સને કર્યું હતું. છેલ્લી FOC નવેમ્બર 2022 માં ઓસ્લોમાં યોજાઇ હતી હતું.

2. ભારત અને નોર્વે વચ્ચેના સંબંધો ઉત્કૃષ્ટ રાજકીય આદાનપ્રદાન અને વ્યાપક દ્વિપક્ષીય સંસ્થાકીય પદ્ધતિઓ દ્વારા ચિહ્નિત થયેલ છે. બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોનો આધાર દરિયાઈ અને દરિયાકાંઠાના ક્ષેત્રો સહિત સાતત્યપૂર્ણ વિકાસ માટે બ્લુ ઈકોનોમીમાં સહકાર છે.

3. વિવિધ ક્ષેત્રોમાં મજબૂત સહયોગને સ્વીકારીને, બંને પક્ષોએ બ્લુ ઈકોનોમી, રિન્યુએબલ એનર્જી, ક્લાઈમેટ એન્ડ એન્વાયર્નમેન્ટ, CCUS, ગ્રીન હાઈડ્રોજન, સોલાર એન્ડ વિન્ડ પ્રોજેક્ટ્સ, ગ્રીન શિપિંગ, ફિશરીઝ, વોટર મેનેજમેન્ટ, સ્પેસ કોઓપરેશન, આર્કિટકમાં સહકાર, શિક્ષણ અને સંસ્કૃતિ જેવા વિવિધ ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહકારને વિસ્તૃત કરવા અને વૈવિધ્યીકરણ કરવાની રીતો પર ચર્ચા કરી. તેઓએ આ વર્ષે માર્ચ 2024માં ભારત-EFTA TEPA પર હસ્તાક્ષર કરવાની પણ પ્રશંસા કરી હતી અને વહેલામાં વહેલી તકે કરારનું અમલીકરણ કરવાની આશા વ્યક્ત કરી હતી, જે દ્વિપક્ષીય વેપાર અને રોકાણને વધુ વધારશે.

4. બંને પક્ષોએ આ વર્ષના અંતમાં ઓસ્લોમાં યોજાનાર આગામી ભારત-નોર્ડિક સમિટ વિશે પણ પ્રારંભિક ચર્ચા કરી હતી.

5. તેમણે UNના સુધારાઓ પર પણ, ખાસ કરીને સમિટ ઓફ ફ્યુચરના સંદર્ભમાં મંતવ્યોનું પરસ્પર આદાન-પ્રદાન કર્યું. આ સાથે પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર પણ મંતવ્યોનું સારું આદાનપ્રદાન થયું.

6. બંને પક્ષો પરસ્પર અનુકૂળ તારીખે ઓસ્લોમાં સલાહવાર્તાનો આગળનો રાઉન્ડ યોજવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**14 મે, 2024**